# મોડાસામાં દલિત સમાજની રેલી હિંસક બનતા અજંપાભરી સ્થિતિ

## ઉનામાં દલિતો પરનો અત્યાચારના પગલે અરવલ્લી જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાત : પોલીસતંત્ર કાયદો સ્થિતિની વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ







મોડાસા, તા. ૨૦

ઉના તાલુકાના સમઢીયાળા ગામે દલિત યુવાનો પર જાહેરમાં થયેલા અત્યાચારના પડઘા સમગ્ર ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્યોમાં પડી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના મોડાસા, મેઘરજ, ધનસુરા, બાયડમાં બુધવારના રોજ દલિતો દ્વારા ઉગ્ર વિરોધ નોંધાયો હતો. દલિત પેન્થર સમાજ દ્વારા બુધવારે સમગ્ર ગુજરાત રાજ્ય બંધનું એલાન આપવામાં આવતા અરવલ્લી જિલ્લામાં બંધને સફળતા મળી હતી. મોડાસા શહેરમાં દલિત સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં દલિત સમાજના લોકો ઉમટી પડ્યા હતા અને શાંતિપૂર્વક રેલી નિકાળી ઉનાની દલિતો પર થયેલા અત્યાચારની ઘટનાનો વખોડી નાખી હતી. મોડાસા શહેરમાં બંધના એલાન મુદ્દે દલિત સમાજના યુવાનો અને દુકાનદારો સામ-સામે આવી જતા અજંપાભરી સ્થિતિનું નિર્માણ પેદા થયું હતું. પોલીસતંત્રની નિષ્ક્રિયતા પણ મહદઅંશે રેલી હિંસક બનવામાં પરીબળ ભજવતી હોય તેવું લોકોએ જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં બુધવારના રોજ દલિત સમાજના અગ્રણીઓ અને સમાજના લોકોએ ઉનાના સમઢીયાળા ગામે દલિત સમાજના યુવાનો અને પરિવારજનો પર કહેવાતા ગૌરરક્ષકોએ અધુરી માહિતીના આધારે અત્યાચાર ગુજારી દલિત યુવાનોને ભરચક બજાર વચ્ચે ગાડી પાછળ બાંધી બેરહેમતીપૂર્વક અને માનવતાની હદ વટાવતા અત્યાચારની ઘટના બનતા આ ઘટનાનો ઉગ્ર વિરોધ કરવા અને ઘટનાને વખોડી કાઢવા બુધવારે





મોડાસા શહેરના ચાર રસ્તા નજીકથી રેલી કાઢી બસ સ્ટેન્ડ સુધી જઈ પરત ચાર રસ્તા પહોંચી હતી. મોડાસા શહેરમાં દલિતો પ્રથમવાર એકજૂથ થઈ વિરોધ નોંધાયો હતો અને આરોપીઓને કડકમાં કડક સજા થાય અને ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. દલિતોએ એક સાથે મોટી સંખ્યામાં ઉમટી પડી દલિતોના અત્યાચાર બંધ કરો બંધ કરોના નારાથી મોડાસા શહેર ગુંજી ઉઠ્યું હતું. મોડાસા ચાર રસ્તા પર ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી. મોડાસા શહેરના દુકાનદારો અને પ્રજાજનો મોડાસા ચાર રસ્તાથી બસસ્ટેન્ડ સુધી દુકાનો-શૉરૂમ ધંધા રોજગાર બંધ રાખી સહકાર આપ્યો હતો.

ભારતીય સમાજ દલિત પેન્થર દ્વારા બુધવારે અપાયેલા ગુજરાત બંધના એલાન દરમિયાન મોડાસા શહેરમાં દુકાનો બંધ કરાવવા નિકળેલા ટોળાએ માલપુર રોડ પર દુકાનો બંધ કરાવવા જતા કેટલાક દુકાનદારો અને ટોળામાં રહેલા લોકો વચ્ચે રકઝક થતા આમને સામને આવી જતા વાત વણસી હતી અને હાથાપાઈના દશ્યો જોવા મળ્યા હતા. માલપુર રોડ પર હિંસકરૂપ ધારણ કરતા પોલીસતંત્રની ગાડીઓ ખડકાઈ ગઈ હતી અને મુકપ્રેક્ષક બની લડાઈના દશ્યો જોઈ રહેતા ઝઘડો ઉગ્ર બનતા પાંચથી વધુ યુવાનોના શરીરે ઈજાઓ પહોંચી હતી. પોલીતતંત્રની હાજરીમાં એક યુવાન ખુલ્લેઆમ ખંજર જેવા મારક હથિયાર સાથે ધસી આવી દલિત યુવાનો પર રોફ જમાવતા દલિતો આક્રમક બન્યા હતા.

# દલિત અત્યાચારના વિરોધમાં પાલનપુર ખાતે રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત

પાલનપુર, તા. ૨૦

ઉનામાં દલિતો પર થયેલા અત્યાચારના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ત્યારે આજે દલિત અત્યાચારના વિરોધમાં અપાયેલા ગુજરાત બંધના એલાનનો પાલનપુરમાં ફિયાસ્કો થયો હતો. જો કે, દલિતો પરના અત્યાચારને લઈને આજે પાલનપુર ખાતે પણ કોંગ્રેસ અને દલિત સમાજ દ્વારા રેલી યોજવામાં આવી હતી.





બાદમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું હતું, જોકે, દલિતોએ રોડ પર ઉતરી આવીને દુકાનો બંધ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે એસટી તંત્રએ સાવચેતીના ભાગરૂપે તમામ રૂટ બંધ કરી દીધા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

ઉનામાં કહેવાતા ગૌરક્ષકોએ દલિત યુવાનો પર કરેલા અમાનુષી અત્યાચારનો રાજ્યભરમાં પડઘો પડ્યો છે. રાજ્યમાં ઠેર ઠેર દલિત સમાજ દ્વારા હિંસક આંદોલનનો દોર શરૂ થયો છે, ત્યારે પાલનપુર ખાતે આજે કોંગ્રેસ અને દલિત સમાજના સંયુક્ત ઉપક્રમે રેલી યોજવામાં આવી હતી. પાલનપુરના સિમલાગેટ પાસે ડો.આંબેડકરની પ્રતિમા પાસેથી નીકળેલી રેલી કલેક્ટર કચેરીએ પહોંચી હતી. જ્યાં કલેક્ટર જેનું દેવનએ ખુદ નીચે આવીને દલિત સમાજનું આવેદનપત્ર સ્વીકાર્યું હતું, આ પ્રસંગે કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરાઈ હતી.

દલિત સમાજની રેલીને લઈને પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવાયો હતો. જોકે, ભાજપ સરકાર વિરોધી ઉગ્ર નારાબાજી સાથે નીકળેલા દલિત યુવાનોએ કેટલીક જગ્યાઓ પર દુકાનો બંધ કરાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. જેમાં એકાદ બે જગ્યાએ કાંકરીચાળો થતા વાતાવરણ ઉત્તેજનાસભર બન્યું હતું, દરમિયાન, એસટી તંત્રએ તકેદારીના ભાગરૂપે એસટી સેવા બંધ કરી દીધી હતી. જેને પગલે મુસાફરો રઝળી પડ્યા હોવાના અહેવાલો સાંપડ્યા હતા. જ્યારે રેલીને પગલે કલાકો સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો. જોકે, રેલી શાંતિપૂર્વક સંપન્ન થતા પ્રશાસને હાશકારો અનુભવ્યો હતો. આ દલિત સમાજની રેલીમાં કોંગ્રેસ દ્વારા જશ ખાટવાનો પ્રયાસ કરાયો હોવાનો મુદ્દો ચર્ચાની એરણે ચડ્યો હતો.



હિંમતનગર તાલુકાના લીખી ગામે પ્રાથમિક શાળામાં હિંમતનગર તાલુકાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા ધો. ૯ના નવીન વર્ગની મંજુરી બાદ મંગળવારે પ્રારંભ કરી વિદ્યાર્થીઓને ચોપડા આપી પ્રવેશ કરાવ્યો હતો. ત્યાર બાદ શાળાના કંપાઉન્ડમાં વિદ્યાર્થીનીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ અને હિંમતનગર તાલુકા ભાજપના પ્રમુખ હસમુખ પટેલ અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ સહીત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરા સજ્જડ બંધ, ૧૦૦૦થી વધુ દલિતો રસ્તા પર ઉતરી આવ્યા

ઉના તાલુકા માં બનેલા બનાવ ના પગલે આજે સમગ્ર ગુજરાત નું બંધ નું એલાન છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં લોકોએ સજ્જડ બંધ પાળ્યું હતું અને ૧૦૦૦ થી પણ વધારે દલિત સમાજ ના લોકો રસ્તા પર ઉતારી આવ્યા હતા અને દલિતો પર અત્યાચાર બંધ કરો ના શુત્રોચ્ચાર કાર્ય હતા તો બીજી તરફ પોલીસ ની સજાગતા થી કોઈજ અણબનાવ બનવા પામ્યો ના હતો.







બનાસકાંઠા જિલ્લા નું ધાનેરા શહેર જે દલિત ના ગામ તરીકે ઓળખાય છે સમગ્ર ગુજરાત માં આજે બંધ નું એલાન છે ત્યારે ધાનેરા પણ સજ્જડ બંધ રહેવા પામ્યું હતું ત્યારે દલિત સમાજ ના એક હજાર થી પણ વધારે લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને દલિતો પર અત્યાચાર બંધ કરો ના શુત્રોચ્ચાર કાર્ય હતા એક હજાર થી પણ વધુ દલિતો ધાનેરા શહેર ના જાહેર માર્ગો પર ફરી ચૂત્રોચ્ચાર કાર્ય હતા અને જણાવ્યું હતું જો દલિતો પર અત્યાચાર ગુજારવામાં આવશે તો અમે શાંખી નહીં લઈએ અને અને આના કરતા પણ વધુ આંદોલન કરશું.

ધાનેરા પોલીસ ની જાગૃતતા ના કારણે ધાનેરા માં ૧ ડી.વાય.એસ.પી ૧.પી.આઈ ૪.પી.એસ.આઈ ૫૦ પોલીસ જવાનો ચુસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો જેને લઈ ધાનેરા માં કોઈ જ અણબનાવ બનવા પામ્યો ન હતો. ધાનેરા માં દલિત સમાજ ની સાથે કોંગ્રેસ ના અગ્રણીઓ પણ જોડાયા હતા અને દલિત સમાજ ને સમર્થન આપ્યું હતું.

# દલિતો પરના અત્યાચારના વિરોધમાં બડોલી, વડાલી, ખેડબ્રહ્મા અને ભિલોડા બંધ પળાયો

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી દલિતો પર અત્યાચાર વધી રહ્યો છે ત્યારે બે દિવસ અગાઉ સૌરાષ્ટ્રના ઉનાના સામઢીયાણામાં દલિત યુવાનો પર ગુજારાયેલા અત્યાચારના પડઘા રાજયના અન્ય સ્થળે પડયા છે. જેથી ૧૨ દલિત યુવાનોએ અલગ અલગ જગ્યાએ ઝેરી દવા અને એસિડ પીને આપઘાતના પ્રયાસ કરતા દલિત સમાજમાં ભારે રોષ પ્રસરી રહ્યો છે. જેના વિરોધમાં બુધવારે સાબરકાંઠા જિલ્લામાં અપાયેલા બંધના એલાનના ભાગરૂપે વડાલી, બડોલી, ખેડબ્રહ્મામાં દલિતો દ્વારા સજ્જડ બંધ પળાયો હતો. જોકે હિંમતનગર, પ્રાંતિજ અને તલોદમાં બંધની કોઈ અસર વર્તાઈ ન હતી. બડોલીમાં બંધને કારણે સવારે ૧૦-૩૦ વાગ્યાથી બપોરે ૧-૩૦ વાગ્યા સુધી કરાયેલા ચક્કાજામને કારણે જિલ્લા પોલીસવડા સહિત તંત્રના અધિકારીઓએ આવીને સમજાવટ કરાયા બાદ ચક્કાજામનો અંત આવ્યો હતો. હિંમતનગરમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ અને જિલ્લા દલિત સમાજ દ્વારા દલિતો પર ગુજારવામાં



આવેલા અત્યાચારના વિરોધમાં બુધવારે જિલ્લા કલેકટર પી.સ્વરૂપને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. જે પ્રસંગે ડૉ.વિપુલ પટેલ, ગોપાલસિંહ રાઠોડ, કરશનભાઈ મકવાણા, ધારાસભ્ય અશ્વિન કોટવાલ, મહેન્દ્રસિંહ બારૈયા, રામભાઈ સોલંકી સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતભરમાં દલિતોના અત્યાચાર વિરોધમાં બંધ કરાવવામાં આવી રહ્યુ છે. ઠેર ઠેર દેખાવો થઈ રહ્યા છે. રેલીઓ નીકળે છે ત્યારે બુધવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે બડોલી ગામના કોંગ્રેસના અગ્રણી રતનબેન વણકરના નેજા હેઠળ દલિત સમાજના યુવાનો દ્વારા દલિત સમાજના અત્યાચારના વિરોધમાં કુકડીયા પાટીયા પાસે ટોળાએ ઉભા રહી વાહન વ્યવહાર બંધ કરાવતા કુકડીયા પાટીયાથી બડોલી ગામની દૂધ ડેરી સુધી તેમજ કુકડીયા પાટીયાથી બુઢીયા ગામ પાસે આવેલ પેટ્રોલપંપ સુધી ચક્કાજામ થઈ ગયો હતો. જેથી ઈડરથી ભિલોડા તરફ જતી બસો પાછી વળી હતી. ટોળાએ આંબેડકર ઝીંદાબાદ, દલિતો સામેનો અત્યાચાર બંધ કરો જેવા નારા લગાવી દલીબેન વણકર સાથે ગામની દુકાનો બંધ કરાવી હતી. ચક્કાજામને કારણે ઉભી થયેલી પરિસ્થિતિને અંકુશમાં લેવા જિલ્લા પોલીસવડા પી.એલ.માલ સહિત અન્ય અધિકારીઓએ આવીને મામલો થાળે પાડયો હતો.

ઉનામાં દલિતો પર ગુજારવામાં આવેલા અત્યાચારના વિરોધમાં બુધવારે ગુજરાત બંધના અપાયેલા એલાનના ભાગરૂપે વડાલીમાં આવેલી સ્કુલો, કોલેજો, બેંકો અને બજારો બંધ રહ્યા હતા. જોકે પોલીસ તંત્ર દ્વારા બંધના પગલે બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. દરમિયાન નગરપાલિકા નજીકથી પસાર થતા માર્ગ પર દલિતોએ જય ભીમના નારા લગાવી વાહનોને અટકાવી દીધા હતા. પરંતુ કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. સામઢીયાણામાં દલિત યુવાનો પર ગુજારાયેલા અત્યાચારના વિરોધમાં ખેડબ્રહ્મા તાલુકાના દલિત સમાજના યુવકોએ બુધવારે રેલી સ્વરૂપે બસ સ્ટેન્ડથી સ્ટેશન વિસ્તાર સુધીની દુકાનો બંધ કરાવી હતી. જોકે કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો.

# મોડાસાની વી.એસ. શાહ પ્રાથમિક શાળા-સંસ્થાઓ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલીત શ્રી વી.એસ. શાહ પ્રા. શાળામાં લાયન્સ ક્લબ ઓફ મોડાસા, જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા, જેસીઝ મીલ્ક કમીટી અને 'હરે કૃષ્ણા' સંસ્થા દ્વારા બાળકોને ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂ મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. તુલસી દેવી અને નરસિંમ્હાની આરતી પછી બાળકો દ્વારા ગુરૂવંદના કરી બાળકો સાથે ગુરૂ-શિષ્ય વીશે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. ગુરૂપૂર્ણિમા પ્રસંગે ઈસ્કોનના મનુપ્રભુ, અનીલ પટેલ લાયન્સ ક્લબ ઓફ મોડાસાના પ્રવીણ પરમાર, ભાવેશ જયસ્વાલ, અન્નપુર્ણાબેન, જેસીઝ મીલ્ક કમીટીના નવનીતભાઈ પરીખ, સંસ્થાના પ્રમુખ નિલેષભાઈ જોષી, મંત્રી મુકુન્દ શાહ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કિરણાબેન ત્રિવેદી અને આચાર્ય અમૃતભાઈ રબારી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ રક્ષાબેન જોષીએ કરી હતી.